## જન્મદિને વધામણી



હરેશભાઈ અંબાલાલ વ્યાસ
મો. ૮૩૪૭૫ ૨૦૬૭૦



એસ આર યાદવ
શ્રી જય અંબે પરિવાર



ડી ડી પરમાર
ડીવાએસઓ, ગૃહ વિભાગ
મો. ૯૩૨૭૬ ૮૧૫૪૫



બિપીનભાઈ ઠક્કર
શ્રી જલારામ સેવા સમાજ



ચેતસ તેજસ જાની
મો. ૯૯૦૧૫ ૧૬૧૬૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમનો આરંભ



ગાંધીનગર, તા. ૪

વૅકેશનમાં પણ વિદ્યાર્થી વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરીને રજાઓનો સદુપયોગ કરે તે હેતુથી નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા દર વર્ષે દિવાળી વૅકેશન અને ઉનાળુ વૅકેશનમાં 'વૅકેશન વિજ્ઞાન સંગ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય અને તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી જૂદી-જૂદી વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે.

નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા મંગળવારથી વૅકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે મૉડેલ રૉકેટરી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તજ્જ્ઞ તરીકે રામમોહન ભદોરિયા દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. તેમણે રૉકેટના વૈજ્ઞાનિક સિધ્ધાંત ઉપરાંત વિદ્યાર્થીઓને ઈસરોના વિવિધ ઉપગ્રહો અને રૉકેટ વિશે પણ રસપ્રદ માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓને તેમણે સીંગલ સ્ટેજ રૉકેટ અને ડબસ સ્ટેજ રૉકેટ અને તેના સંચાલન માટેની ટૅકનીક્સ, ગણતરી પણ શીખવી હતી.

વર્કશૉપ અંતર્ગત વિદ્યાર્થીઓએ પ્લાસ્ટીકની નકામી બૉટલ્સમાંથી પવનચક્કી, પ્લાસ્ટીકની પાઈપમાંથી રંગબેરંગી ફુવારો અને નકામી થઈ ગયેલી સીડીઝ અને ફુગ્ગામાંથી હોવરક્રાફ્ટ બનાવ્યું હતું. વિદ્યાર્થીઓ વચ્ચે હોવરક્રાફ્ટની સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. ૭૫ જેટલા વિદ્યાર્થીઓ આ વર્કશૉપમાં ભાગ લઈ રહ્યા છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાગી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
બાગી
૧૧.૦૦, ૨.૦૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૫.૦૦, ૭.૧૫, ૯.૩૦
**સ્ક્રીન-૪**
શૉર્ટકટ સફારી
૧૨.૪૫, ૬.૪૫, ૯.૩૦
ફેન
૧૦.૦૦, ૪.૦૦
**સ્ક્રીન-૫**
ફેન
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
બાગી
સવારે ૧૦.૦૦

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે સીએની પરીક્ષાનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે સીએની પરીક્ષાનો આરંભ શાંતિપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે સમગ્ર ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓ પૈકી માત્ર ગાંધીનગર ખાતે આ જ કૉલેજને સીએની પરીક્ષા માટેનું સૅન્ટર ફાળવવામાં આવ્યું છે, જે અહીં ત્રણ વર્ષથી કાર્યરત છે. તારીખ બીજી મેથી સીએની પરીક્ષા શરૂ થઈ છે, જે ૧૬ મે સુધી ચાલશે. સીએ ફાઈનલ અને આઈપીસીસીના કુલ ૨૭૫ વિદ્યાર્થીઓ ગાંધીનગરના આ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપી રહ્યા છે.

પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓ ગાંધીનગરના આ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપી રહ્યા છે.

# સાયન્સ ઍક્સપ્રેસ ક્લાઈમેટ ઍક્શન સ્પેશિયલ ટ્રેન આજથી ગાંધીનગરમાં



ગાંધીનગર, તા. ૪

'સાયન્સ ઍક્સપ્રેસ ક્લાઈમેટ ઍક્શન સ્પેશિયલ' એ ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તથા બાયોટૅકનોલૉજી વિભાગનો સંયુક્ત અભિગમ છે, જેનું સંચાલન વિક્રમ સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર, અમદાવાદ દ્વારા કરવામાં આવે છે. આ એક વૈવિધ્યપૂર્ણ ૧૬ વાતાનુકૂલિત કોચ ધરાવતી ટ્રેનમાં મઢેલું આબોહવા પરિવર્તન વિષયને કેન્દ્રિત કરતું અજોડ પ્રદર્શન છે.

સાયન્સ ઍક્સપ્રેસ એ સૌથી મોટું લાંબા સમયથી ચાલતું અને સૌથી વધુ લોકો દ્વારા મુલાકાત લીધેલું ફરતું વિજ્ઞાન પ્રદર્શન છે. આ પ્રદર્શન તારીખ પાંચમી મેથી ૭ મે, ૨૦૧૬ દરમ્યાન ગાંધીનગર રેલવે સ્ટેશન પર સવારના ૧૦થી ૫ દરમ્યાન યોજાશે. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ આબોહવા પરિવર્તન અને તેને લગતી બીજી સમસ્યાઓ વિશે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય જનતામાં જાગરૂકતા પેદા કરવાનો છે.

જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તથા જાહેર જનતાને આ ટ્રેનમાં આયોજિત પ્રદર્શનની મુલાકાત લેવા માટે આમંત્રણ છે. આ પ્રદર્શન જોવા માટે કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. આ અંગેની વધુ માહિતી વેબસાઈટ સાયન્સ ઍક્સપ્રેસ ડૉટ ઈન પર ઉપલબ્ધ છે.

આ ઉપરાંત સાયન્સ ઍક્સપ્રેસ ઍટ જીમેઈલ ડૉટ કૉમ પર ઈમેઈલ કરી અથવા મોબાઈલ નંબર ૯૪૨૮૪ ૦૫૪૦૭, ૯૪૨૮૪ ૦૫૪૦૮ દ્વારા ટ્રેન પરની ટૂકડીના સભ્યોનો સંપર્ક પણ સાધી શકાય છે.

# કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજે રાજ્ય સરકારનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૪

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજે સરકાર દ્વારા કરવામાં આવેલી ૧૦ ટકા અનામત આપવાની જાહેરાતને આવકારી સરકાર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી છે.

સમાજ દ્વારા જણાવાયું છે કે આ બાબતની માગણી છેલ્લાં ઘણા સમયથી વિવિધ વર્ગો દ્વારા વ્યક્ત થઈ રહી હતી, જેમાં જરૂરિયાતમંદ સવર્ણો પણ સામેલ હતા.

સવર્ણો માટે ગત તા. ૨૯ એપ્રિલના રોજ ૧૦ ટકા અનામત આપવાની સરકારે જાહેરાત કરી એ ખૂબ ઉમદા પગલું છે, સમગ્ર રાજપૂત સમાજ આ માટે સરકાર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરે છે, એમ સમાજના પ્રમુખ રમજુભા જાડેજાએ જણાવ્યું છે.

# ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સઘળી કૉલેજીસમાં ઑનલાઈન ઍડમિશન

ગાંધીનગર, તા. ૪

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી તમામ કોલેજોમાં ચાલુ વર્ષે પણ ઓનલાઈન એડમિશન આપવાનો નિર્ણય લેવાયો છે. સામાન્ય રીતે અત્યાર સુધી અંદાજે ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ દ્વારા એડમિશન માટે ઓનલાઈન અરજી કરવામાં આવતી હતી. પરંતુ હવે આર્ટસ અને ઈન્ટિગ્રેટેડ લૉ મળીને અંદાજે ૬૦ હજાર જેટલા વિદ્યાર્થીઓનાં એડમિશન ઓનલાઈન કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા પહેલાં વિદ્યાર્થીઓ ઓનલાઈન એડમિશન અંગે તમામ જાણકારી મેળવતા થાય તે માટે ખાસ સેમિનારોનું પણ આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને પ્રવેશની માહિતી મળી રહે તે માટે ૧૫મી મેથી બૂકલેટનું વિતરણ શરૂ કરવામાં આવે તેવી શકયતા છે. આ ઉપરાંત જુદી જુદી ૧૧ જેટલી કોલેજોમાં ઓનલાઈન પ્રવેશ લેવી રીતે મેળવવો તેની માહિતી આપતાં સેમિનારો કરવામાં આવશે. અગાઉ ઓનલાઈન પ્રવેશમાં વિદ્યાર્થીઓને પૂરતી જાણકારી ન હોવાના કારણે અનેક પ્રકારની મુશ્કેલીઓ નડી હોવાની ફરિયાદો આવી હતી.

સામાન્ય રીતે પૂરક પરીક્ષાના પરિણામો મોડા આવતાં હોવાથી પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થતો હોય છે. પરંતુ આ વખતે માત્ર બે રાઉન્ડમાં જ મોટાભાગની પ્રક્રિયા પુરી થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કોમર્સમાં અત્યાર સુધી વિદ્યાથીઓ પોતાને ગમતી હોય તે બે કોલેજોના નામની ચોઈસ આપતાં હતા. પરંતુ આ વખતે દરેક વિદ્યાર્થીએ ફરજિયાત ૧૫ ચોઈસ આપવી પડશે. જે વિદ્યાર્થીઓ એકસાથે ૧૫ ચોઈસ આપે નહી તેના ફોર્મ જ ઓનલાઈન ભરાશે નહી. એકસાથે ૧૫ ચોઈસ આપવાના કારણે પહેલા અને બીજા રાઉન્ડમાં મોટાભાગની બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી આપવામાં આવશે. આ ઉપરાંત કોઈપણ કોર્સમાં પ્રવેશ લેવો હોય વિદ્યાર્થીએ માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે. જનરલ કેટેગરીના અને સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ ઘરે બેઠા ઓનલાઈન ફોર્મ ભરી શકશે. ૧૦ ટકા અનામતમાં આવતા વિદ્યાર્થીઓએ અલગ કોલેજમાં ફોર્મ ભરવાનું રહેશે!

# જીવનમાં રહ્યો માત્ર અસ્તિત્વનો આનંદ

**સૂન મનવા**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**

પ્રતિક્ષણ નવિનતા અને પરિવર્તનને કુદરતી ક્રમ માનવામાં આવે છે એટલે કે માત્ર પરિવર્તન શાશ્વત છે. જે કોઈ સમયના ફરતા કાલચક્ર સાથે તાલ મિલાવતા નથી તેઓ હતાશ-ઉદાસ-નિરાશ થઈ અંતે ભટકી જાય છે અથવા સમાજ જીવનથી અલગ થઈ જાય છે. સવાર-સાંજ જેવી જ ઘટના છે પરિવર્તનની... અને આજના યુગમાં પરિવર્તનો ખૂબ જ ઝડપથી આવતાં જાય છે. તેમાં ટેકનોલૉજીકલ-આધુનિક ઉપકરણો, વાહનો, મકાનની બાંધણી, કપડાં, રસ્તા, આહાર અને કોસ્મેટીક્સ વસ્તુઓ મુખ્ય રહી છે. પરંતુ આ પરિવર્તનોની સાથે લોકોની સદીઓ જૂની માનસિકતામાં ઝડપથી બદલાવ આવતો નથી એટલે ગૂંગળામણ અજંપો અને અશાંતિ વ્યાપી રહ્યા છે. જીવનની રફતારની જે ગતિ ઊભી થઈ છે તેમાં બધુ ઝડપી છે છતાં આનંદ નથી કારણ કે દિલમાં શૂન્યતા છે. જીવનનાં મૂલ્યોને લગભગ ખત્મ કરી નાખ્યા છે એટલે સર્વત્ર ઝાકમઝોળ હોવા છતાં માનવી હૈયાથી અંધકારમાં જીવી રહ્યો છે. વિશ્વનાં પરિવર્તનોથી આપણે બાકાત રહી શકીએ તેમ નથી અને એકવાર નૈતિક મૂલ્યો જતાં રહે પછી કોઈપણ વ્યક્તિ સુખી થઈ શકે એ વાતમાં દમ નથી. આજે સિરિયાની હાલત જુઓ, માનવતા ખુદ પોક મૂકી રડે છે, કરુણા કે દયા મરી ગયા છે, રહ્યો છે માત્ર કટ્ટરવાદ. ઈન્સાન જ ઈન્સાનનો શત્રુ બની જાય પછી કુદરત પણ અસહાય કે લાચાર થઈ જાય છે, જેને કહેવાય છે વિનાશકાળે વિપરીત બુદ્ધિ.



સમયે લોકજીવનને એટલું પ્રભાવિત કર્યું છે કે હવે સમાજ પાસે બધું હોવા છતાં તેઓ ખાલી-ખાલી થઈ ગયા છે. સંવેદના અને વેદનાના અહેસાસ ક્રમશઃ તૂટી ગયા છે. માણસ યંત્રવત જીવનના બીબામાં ઢળી ગયો છે, મશીન જેવી જિંદગી જીવતાં તે માત્ર અસ્તિત્વનો આનંદ લઈ રહ્યો છે.

આનંદ માટે કારણો શોધવા જઈએ તો પુષ્કળ મળી શકે તેમ છે. પરંતુ આજનો માણસ માત્ર ઔપચારિકતા સાથે મોબાઈલ અને ઈન્ટરનેટમાં ડૂબી ગયો છે. લોકોને કુદરત સાથેના સાંનિધ્યમાં મળતું હેત શું છે તે વિશેની કોઈ ઉત્સુકતા પણ રહી નથી. ટૂંકમાં કહીએ તો સમાન સુખની શોધમાં સર્વત્ર સમાન પીડાઓ જન્મ લઈ રહી છે. વસ્તીવૃધ્ધિના દરથી વિકાસને હાનિ પહોંચે છે તે હજી આજના અર્થશાસ્ત્રીઓ કે નેતાઓને સમજાતું નથી. વસ્તી માત્ર સર્જનમાં મહત્ત્વનું પરિબળ છે તેવું માનવું ઉચિત નથી. વિકાસદરની વૃધ્ધિને વધતી આબાદી સ્વાહા કરી જાય છે અને વસ્તીવૃધ્ધિની જે વિભિન્નતાઓ છે તે પ્રશ્નોની જન્મદાતા છે એ કડવું સત્ય આર્થિક આયોજનકર્તાઓને ધ્યાનમાં રાખવું પડે તેમ છે. સિદ્ધિઓ પ્રાપ્ત કરતા આનંદ જન્મે છે પરંતુ માણસ માટે પ્રશ્નોનું લિસ્ટ એટલું લાંબું થઈ ગયું છે કે તેને સ્પર્ધાત્મક માહોલમાં કોઈ હર્ષ થતો નથી. જીવનના ક્રમમાં બચપણ, યુવાની, પ્રૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થામાં ડોકિયું કરીએ તો ખ્યાલમાં આવશે કે આપણે આ દરેક અવસ્થાના મૂળભૂત આનંદને પતાવી દીધો છે. આજનો બાળક ફ્લેટીયા માહોલમાં ટીવી પરના કાર્યક્રમો જોતાં-જોતાં યુવાન બને છે, વ્યસ્ત માબાપના પ્યારતી પણ વંચિત રહી જાય છે, યુવાન વર્ગ હદ બહારનાં વ્યસનોમાં ડૂબી ગયો છે. તમાકુ, ગાંજો, ચરસ, શરાબની લત ભયાનક રીતે ભરડો લઈ રહી છે. વૃધ્ધોની સારસંભાળ માટે કોઈને સમય નથી અથવા રસ નથી. જીવનના ખરા આનંદ માટે કોઈ જગ્યા બચવા દીધી નથી. ટીવીના કાર્યક્રમોમાંથી આદર્શ શોધતી પ્રજા જીવનમાં કઈ રીતે હર્ષ પામી શકે? રીલ લાઈફ અને રિયલ લાઈફના તફાવતને સમજવાની કોશિષ કરવાની જરૂરત છે. કુદરતનાં તત્ત્વોને પ્રતિદિન વિકૃત કરવાની પ્રવૃત્તિ ચાલે છે.

સમાજ ત્યારે જ સુખી થઈ શકે જ્યારે પ્રથમ તેમાં ઈન્સાનિયત અને સચ્ચાઈ હોય અને જીવનમૂલ્યો માટે દિલથી પ્રેમ હોય. પરંતુ આ તત્ત્વો જ જીવંત નહીં હોય તો માત્ર જીવતા રહ્યા છીએ તેનો આનંદ કદાચ લઈ શકીએ. સમાજે જાગૃતિ કેળવવી જ પડશે કેમ કે હિંસાચાર, ઉગ્રવાદ, આતંકવાદ, છળકપટ, ભોગવાદની જાળ વધુ ને વધુ મજબૂત થઈ રહી છે. રામચરિત માનસની એક ચોપાઈ હૃદયસ્થ કરવા જેવી છે:

'કર્મ પ્રધાન વિશ્વ કરિ રાખા।
જો જસ કરઈ સો તસ ફલ ચાખા॥'

# 'અમદાવાદ નૅશનલ બૂક ફૅર'માં આજે 'મારી નજરે આંબેડકર' વિષયે વિચારગોષ્ઠિ

## હરીશ મંગલમ, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર, નટુભાઈ પરમાર, પ્રવીણ શ્રીમાળી પોતાના વિચારો વ્યક્ત કરશે

ગાંધીનગર, તા. ૪

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ઉપક્રમે આયોજિત નૅશનલ બૂક ફૅરમાં આવતીકાલ તા. પાંચમી મેના રોજ રિવરફ્રન્ટ, અમદાવાદના જ્ઞાનગંગા હૉલ નં. ૧માં સાંજે ૪ કલાકે 'મારી નજરે આંબેડકર' શીર્ષક હેઠળ વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના અગ્રમી દલિત સર્જકો હરીશ મંગલમ, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર અને નટુભાઈ પરમાર પોતાના વિચારો વ્યક્ત કરશે. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા દલિત અગ્રણી પ્રવીણ શ્રીમાળી કરશે.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

મે માસનો વિષય છે :

## 'મારા ગુરુ ગૌરવશાળી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે